પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ
વર્ષ : ૨૯ અંક : ૨૫૫ કુલ પાના : ૪ તારીખ : ૨૦-૦૬-૨૦૨૬ શનિવાર કિંમત રૂા.૧.૫૦/-
EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)
RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦




# અલ નીનોની અસર વચ્ચે ગુજરાતમાં ૨૫ જૂન પછી ચોમાસુ જામશે સૌરાષ્ટ્રથી ૯૦૦ કિ.મી. દૂર અટક્યું ચોમાસું

અમદાવાદ

ગુજરાતના ખેડૂતો અને નાગરિકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે તે ચોમાસાને લઈને હવામાન વિભાગ દ્વારા મહત્વનું પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મોસમ વિજ્ઞાન વિભાગના વિવિધ મોડેલોના આધારે જાહેર કરાયેલી માહિતી મુજબ, ગુજરાતમાં ૨૫ જૂન પછી વિધિવત ચોમાસું બેસે તેવી શક્યતા છે. જો કે, રાહતની વાત એ છે કે પ્રશાંત મહાસાગરમાં સક્રિય 'અલ નીનો'ની નકારાત્મક અસરને ખાળવા માટે હિંદ મહાસાગરમાં પોઝિટિવ આઈ.ઓ.ડી.



ચોમાસા દરમિયાન મદદે નહીં આવે, તેમ છતાં સ્થાનિક મોસમ પલટો રાજ્યને વરસાદની અછતમાંથી ઉગારી શકે છે.

નૈઋત્યનું ચોમાસું ૪ જૂને કેરલમાં પ્રવેશીને ૮ જૂન ૨૦૨૬ના રોજ મહારાષ્ટ્રમાં પહોંચ્યું હતું. પરંતુ છેલ્લા ૧૦ દિવસથી સાનુકૂળ સંજોગો ન હોવાને કારણે ચોમાસું આગળ વધતું અટકી ગયું છે. હાલમાં ચોમાસું મહારાષ્ટ્રના દક્ષિણ વિસ્તારમાં સ્થિર થયું છે અને મુંબઈ સુધી પણ પહોંચ્યું નથી. સૌરાષ્ટ્રના દરિયાકાંઠાથી આશરે ૯૦૦ કિ.મી. દૂર ચોમાસું સુસ્ત થઈને પડ્યું છે. આગામી ૩ થી ૪ દિવસ બાદ આ સિસ્ટમ ફરી સક્રિય થઈને ઓડિશા અને તેલંગાણા તરફ આગળ વધે તેવી સંભાવના છે. એકંદરે ૨૪ જૂન સુધી દેશભરમાં ચોમાસું નબળું રહેવાની આગાહી છે, પરંતુ ત્યારબાદ એક સપ્તાહમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશની સાથે ગુજરાતમાં પણ ચોમાસાનો પ્રવેશ થઈ શકે છે. જો કે, આ વર્ષે વરસાદનું એકંદર પ્રમાણ સામાન્યથી ઓછું રહેવાનો અંદાજ છે.

રાજ્યમાં ભલે વિધિવત ચોમાસાના અણસાર હજુ સુધી દેખાયા ન હોય, પરંતુ પ્રી-મોન્સૂન એક્ટિવિટીના કારણે આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા અને છોટાઉદેપુરમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, ભરૂચ અને નર્મદાના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમવરસાદની સંભાવના છે. બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકથી મોસમનો મિજાજ બદલાયો છે અને મધ્ય ગુજરાત સહિતના

**ગુજરાતમાં પડેલો વરસાદ.**

| જિલ્લો / તાલુકો | વરસાદ (ઈંચમાં) |
|---|---|
| ગલતેશ્વર (ખેડા) | ૩.૦ ઈંચ (સૌથી વધુ) |
| કાલોલ અને ગોધરા (પંચમહાલ) | ૨.૫ ઈંચ |
| બોડેલી (છોટાઉદેપુર) | ૨.૨૫ ઈંચ |
| મોરવાહડફ અને ઘોઘંબા | પોણા ૨ ઈંચ |
| ડેસર (વડોદરા) | ૧.૫ ઈંચ |
| દાહોદ, ફતેપુરા, સંજેલી | ૧.૦ ઈંચ |


વિસ્તારોમાં સવારના શરૂઆતના ૬ કલાકમાં જ ૪૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. હાલ પૂરતું વિધિવત ચોમાસું ક્યારે અને કઈ તારીખે આખા ગુજરાતને આવરી લેશે તે ચોક્કસ કહી શકાય તેમ નથી, પરંતુ ૨૫ જૂન પછીના સપ્તાહમાં વાતાવરણમાં મોટો ફેરફાર થવાની આશા સેવાઈ રહી છે.

# સામાન્ય વરસાદમાં એએમસીના દાવા ધોવાયા, ખાડા પૂરવાની ડેડલાઈન ફેલ, હવે તંત્રએ નવી તારીખ આપી

અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પહેલાં શહેરના તમામ ખાડાઓ અને રોડ સેટલમેન્ટની સમસ્યાનો ઉકેલ લાવવાના કરાયેલા દાવાઓ હવે સામાન્ય વરસાદમાં જ ખોટા સાબિત થતા જોવા મળી રહ્યા છે. શહેરમાં પડેલા સામાન્ય વરસાદી ઝાપટાં બાદ અનેક જગ્યાએ રસ્તાઓ પોલા પડી જતાં અને માટી બેસી જતાં પ્રી-મોન્સૂન કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઉભા થયા છે.

એએમસી દ્વારા થોડા દિવસો પહેલાં શહેરના તમામ ખાડાઓ ૭ દિવસની અંદર પૂરી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે વાસ્તવિક સ્થિતિ એ છે કે અનેક વિસ્તારોમાં હજુ પણ કામગીરી પૂર્ણ થઈ નથી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે સ્વીકાર્યું છે કે શહેરમાં ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર લાઈનના કામને કારણે કુલ ૧૪૪



જગ્યાઓ પર સેટલમેન્ટની સમસ્યા હતી, જેમાંથી ૪૨ સ્થળોએ હજુ પણ કામગીરી ચાલુ છે.

ચેરમેનના જણાવ્યા અનુસાર બાકી રહેલી જગ્યાઓ પર સુરક્ષા માટે બેરિકેટિંગ કરવામાં આવ્યું છે અને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. તેમ છતાં, ચોમાસાની સત્તાવાર શરૂઆત પહેલાં જ કામ અધૂરું રહેતા લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

એએમસીના જણાવ્યા પ્રમાણે શહેરમાં બ્રેકડાઉન અને લાઈન લીકેજ જેવી સમસ્યાઓને કારણે ૧૬ સ્થળોએ મોટા પાયે સમારકામનું કામ ચાલી રહ્યું હતું. જેમાંથી ૧૪ સ્થળોએ કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું તંત્ર દાવો કરી રહ્યું છે. જોકે ગોતા વિસ્તારમાં હજુ પણ બે મહત્વપૂર્ણ સ્થળોએ કામ ચાલુ છે. આ પૈકી એક સ્થળે ૨૩ જૂન સુધી અને બીજા સ્થળે ૩૦ જૂન સુધી કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

શહેરમાં સામાન્ય વરસાદ પડતાં જ રસ્તાઓની હાલત ખરાબ થવા લાગી છે, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક વિસ્તારોમાં રસ્તાઓ પોલા પડી જતા અકસ્માતની ભીતિ પણ વધી છે.દર વર્ષે કરોડો રૂપિયાની પ્રી-મોન્સૂન કામગીરી પાછળ ખર્ચ કરવામાં આવે છે, છતાં ચોમાસાની શરૂઆત પહેલાં જ રસ્તાઓની સ્થિતિ ચિંતાજનક બનતી હોવાના કારણે તંત્રની કામગીરી અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. સ્થાનિકોનું માનવું છે કે જો સામાન્ય વરસાદમાં આવી સ્થિતિ સર્જાઈ છે, તો ભારે વરસાદ દરમિયાન શહેરના રસ્તાઓની સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે.હાલ નાગરિકો તંત્ર પાસેથી ઝડપી અને ગુણવત્તાયુક્ત કામગીરીની અપેક્ષા રાખી રહ્યા છે જેથી ચોમાસા દરમિયાન કોઈ મોટી મુશ્કેલી કે અકસ્માતની સ્થિતિ સર્જાય નહીં.

# ગુજરાતના ઉદ્યોગોને ૧૫૬૭ કરોડની સહાય મંજૂર, હર્ષ સંઘવીએ બેઠકમાં મોટો નિર્ણય લીધો

ગાંધીનગર

ગુજરાત સરકારે રાજ્યની ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળની ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ અંતર્ગત કુલ ૧,૫૬૭.૧૮ કરોડના રોકાણ ધરાવતા ૧૫ મોટા ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહન સહાય મંજૂર કરી છે. આ રોકાણોથી રાજ્યમાં અંદાજે ૧,૨૩૮ રોજગારીની તકોનું સર્જન થવાની અપેક્ષા છે.

આ મંજૂરીઓ યોજનાના અંતર્ગત મોટા ઉદ્યોગોને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપતી સમિતિની બેઠકમાં આપવામાં આવી હતી. આ બેઠક નાયબ મુખ્યમંત્રી તથા ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.ગુજરાતને ભારત તેમજ વૈશ્વિક સ્તરે સૌથી આકર્ષક રોકાણ સ્થળોમાં સ્થાન અપાવવાના હેતુથી રાજ્યની ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ ગુજરાતમાં સ્થાપના કરતા પાત્ર ઉદ્યોગોને નેટ એસજીએસટી સહાય આપવામાં આવે છે. યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજીકલ ઈનોવેશન અને મોટા પાયે ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહન આપવાનો છે.આ યોજના હેઠળ અત્યાર સુધી રાજ્યમાં કુલ ૧,૪૮,૩૩૬.૩૫ કરોડનું રોકાણ આકર્ષવામાં આવ્યું છે અને આશરે ૧,૬૫,૦૫૩ સીધી રોજગારીનું સર્જન થયું છે. ઉપરાંત, આ યોજનાએ સૂક્ષ્મ,



લઘુ અને મધ્યમ ઉદ્યોગોના વિકાસને પણ વેગ આપ્યો છે, જેના પરિણામે ગુજરાતમાં ઔદ્યોગિક ઈકોસિસ્ટમનું નિર્માણ થયું છે.તાજેતરની સમિતિ બેઠકમાં મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં ભરૂચ જિલ્લામાં કેમિકલ્સ ક્ષેત્રમાં ૯૯૯.૮૨ કરોડના રોકાણને સહાય માટે મંજૂરી આપવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ૭૫.૭૨ કરોડ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ૪૪.૫૬ કરોડના રોકાણ ધરાવતા પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત, ગાંધીનગર જિલ્લામાં ટેક્સટાઈલ ક્ષેત્રના ૧૩ કરોડના પ્રોજેક્ટને પણ પ્રોત્સાહન સહાય માટે મંજૂરી આપવામાં આવી છે.બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતી રવિ, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, ઉદ્યોગ કમિશનર સ્વરૂપ પી., રોજગાર અને તાલીમ નિયામક સ્તુતિ ચારણ, ઉદ્યોગ અને ખાણ વિભાગના સંયુક્ત સચિવ ભક્તિ શામળ, વન અને પર્યાવરણ વિભાગના ડાયરેક્ટર દીપાલી ટાંક તથા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ખજાનચી ગૌરાંગ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાંથી નકલી ડિટર્જન્ટ બનાવતી ફેક્ટરી ઝડપાઈ, ૩ની અટકાયત

સુરત

ગુજરાતમાં નકલી ખાદ્યપદાર્થો અને બ્રાન્ડેડ વસ્તુઓના કૌભાંડો વચ્ચે હવે સુરતમાંથી નકલી વોશિંગ પાઉડર બનાવવાનો મોટો મામલો સામે આવ્યો છે. સુરતના ઉત્રાણ વિસ્તારમાં પોલીસે જાણીતી ડિટર્જન્ટ બ્રાન્ડ 'એરિયલ'ના નામે ડુપ્લિકેટ પાઉડર તૈયાર કરતી એક ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન ત્રણ શખ્સોની અટકાયત કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મોટા વરાછા આઉટર રિંગ રોડ નજીક આવેલા એક ગોડાઉનમાં જાણીતી કંપનીના નામે નકલી વોશિંગ પાઉડર તૈયાર થતું હોવાની બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે એરિયલ કંપનીના પ્રતિનિધિઓ અને ઉત્રાણ પોલીસની ટીમે સંયુક્ત રીતે દરોડા પાડ્યા હતા.

દરોડા દરમિયાન ગોડાઉનની અંદર મોટા પાયે ડુપ્લિકેટ પાવડર બનાવવાની કામગીરી ચાલી રહી હોવાનું સામે આવ્યું હતું. આરોપીઓ બ્રાન્ડેડ કંપનીના નામે નકલી પાઉડર તૈયાર કરીને તેને અસલી તરીકે બજારમાં વેચતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

પોલીસે સ્થળ પરથી એરિયલ કંપનીના લોગો ધરાવતા ખાલી અને ભરેલા પેકેટ, નકલી સ્ટીકરો, પેકિંગ માટેના બોક્સ તેમજ અન્ય કાચા માલસામાન સહિતનો મોટો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ઉપરાંત ગોડાઉનમાં તૈયાર કરવામાં આવતો પાઉડર પણ જપ્ત કરવામાં આવ્યો છે.

ઉત્રાણ પોલીસે આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ શખ્સોની અટકાયત કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. તપાસ એ દિશામાં પણ ચાલી રહી છે કે આ નકલી પાઉડર સુરત ઉપરાંત અન્ય શહેરોમાં પણ સપ્લાય કરવામાં આવતો હતો કે નહીં અને આ



સમગ્ર રેકેટ પાછળ અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે.

# સુરતની મહિલાએ ગુજરાતનું સૌથી મોટું વાઈફ સ્વેપિંગ રેકેટ ખુલ્લું પાડ્યું

સુરત

સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ જેવા મોટા શહેરોમાં કપલ સ્વેપિંગનું દૂષણ ઘૂસ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. એટલું જ નહીં હજારો લોકો કપલ સ્વેપિંગ કાંડમાં જોડાયેલા હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. આ ચુંગાલમાં ફસાયેલી મહિલાઓ એક-એક કરીને હવે સામે આવી રહી છે અને મોટા-મોટા ખુલાસા કરી રહી છે.

સંસ્કૃતિને કલંક લગાવતા આ 'કાંડ'માં ચોંકાવનારા ખુલાસા થતાં આખા ગુજરાતમાં ખળભળાટ મચી ગયો છે. એવામાં સુરત શહેરમાં કપલ સ્વેપિંગની જાળમાં ફસાયેલી એક મહિલાએ કપલ સ્વેપિંગનું 'કાળું સત્ય' ઉજાગર કર્યું છે. એટલું જ નહીં આ મહિલાએ આખું નેટવર્ક કેવી રીતે ચાલે છે, એક કપલને આવું 'ગંદુ' કામ કરવાના કેટલા રૂપિયા મળે છે વગેરે બાબતો પર હચમચાવી નાખે એવા ખુલાસા કર્યા છે. આ મહિલા પોતે પીડિત છે અને તેણે તેના પતિ સામે પણ કેસ નોંધાવ્યો છે.

સુરતની આ મહિલાએ ગુજરાતનું સૌથી મોટું વાઈફ સ્વેપિંગ રેકેટ ખુલ્લું પાડ્યું છે. મહિલાએ વાતચીતમાં જણાવ્યું છે કે, 'મારા સુરતના રાજ (નામ બદલ્યું છે) નામના યુવક સાથે ૧ જુલાઈ ૨૦૨૨ના રોજ સમાજના રીતિ રિવાજથી લગ્ન થયા હતા. લગ્નના પ્રથમ ત્રણ મહિના સુધી લગ્નજીવન ખૂબ જ સારી રીતે ચાલતું હતું. પરંતુ ત્યારબાદ મારા પતિએ મને કપલ સ્વેપિંગ વિશે માહિતી આપી. ફેસબુક પરની કેટલીક ચેટ્સ પણ બતાવી અને કપલ સ્વેપિંગ કેવી રીતે ચાલે છે તેની વિગતો પણ જણાવી. પણ મેં આવા કામ કરવાની ચોંખ્ખી ના પાડી દીધી.'

મહિલાએ જણાવ્યું કે, 'મારા પતિ મને કપલ સ્વેપિંગમાં સામેલ કરવા માંગે છે, જે મને બિલકુલ મંજૂર નથી. આ આખું નેટવર્ક ફેસબુકથી ચાલે છે, ફેસબુકથી આ લોકો એકબીજાના સંપર્કમાં આવે છે. આ લોકો સાચા નામથી નહીં, ફેક એકાઉન્ટ બનાવે છે. પછી એકબીજા સાથે વાત કરે છે, ત્યારબાદ વાત વીડિયો કોલ સુધી પહોંચે છે. બંને કપલ આ બાબત પર સહમત થયા પછી એક કેઝ્યુઅલ મીટિંગ ગોઠવવામાં આવે છે. આ કપલ જ મળવા માટે આવ્યું છે કે નહીં, તે ચેક કરવા માટે આ મીટિંગ ગોઠવવામાં આવે છે. હજારોથી વધારે કપલ આમાં સંકળાયેલા છે.'

પોતાના પતિની કરતૂત વિશે વાત કરતા આ મહિલાએ કહ્યું કે, ' મારા પતિ પહેલેથી આ રેકેટમાં જોડાયેલા છે, મારા જેઠ-જેઠાણી પણ આમાં સંડોવાયેલા છે. મને લાગે છે કે મારા પતિ એક પાર્ટનરની રાહ જોઈ રહ્યા હતા, એટલે જ તેમણે લગ્ન કર્યા. મારા આવ્યા પછી તેમણે ધીમે-ધીમે આ વાત ચાલું કરી કે આ રીતે આપણે કરી શકીએ, પણ મેં ચોખ્ખી ના પાડી દીધી. આ નેટવર્કનો હેતુ એ છે કે પર્સનલી એ લોકો એન્જોયમેન્ટ કરી શકે છે અને તેમને પૈસા પણ મળે છે.'

રૂપિયાને લઈને મહિલાએ કહ્યું કે, ઘણા પેઈડ કપલ પણ હોય છે. ઘણા પૈસાવાળા લોકો આવું કામ પૈસા આપીને પણ કરાવતા હોય છે. મહિલાને એક રાતના આશરે ૨૦,૦૦૦-૨૫,૦૦૦ રૂપિયા અપાય છે. આ મહિલાએ ચોંકાવનારો દાવો કરતા કહ્યું કે, ગુજરાતના મોટા-મોટા શહેરોમાં આ દૂષણ ચાલે છે, લોકો આ મામલે કંઈ બોલતા નથી, લોકો બહાર નથી આવતા. હું તો છેલ્લા સાડા ત્રણ વર્ષથી આ વસ્તુ સહન કરું છું અને સાડા ત્રણ વર્ષથી હું કોર્ટમાં આ બાબતે લડાઈ લડું છું.

મહિલાએ કહ્યું કે, લગ્ન જીવનને તમે શું મજાક બનાવી દીધી છે. લગ્ન જીવન એક પવિત્ર છે. પતિ-પત્નીનો પવિત્ર સંબંધ છે. કોઈ સ્ત્રી તમારી ઉપર ભરોસો રાખીને તમારા ઘરે આવે છે. તો તમે તેની પાસે આવા કામ કરાવો છો. છેલ્લે આ મહિલાએ અન્ય પીડિતાઓને અપીલ કરતા કહ્યું કે, મારું દરેક મહિલાને એટલું જ કહેવાનું છે કે, જો તમારી સાથે પણ આવું થાય, તમારા પતિ આવી ડિમાન્ડ કરે તો અવાજ ઉઠાવો

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૪૫/૨૦૨૬, તા.૧૫/૦૬/૨૦૨૬

અરજદાર– શ્રી પલાસ લક્ષ્મણભાઇ સોમાભાઈ, રહે.આમલીમેનપુર,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,આમલીમેનપુર, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી પલાસ લક્ષ્મણભાઇ સોમાભાઈ તેમના પુત્ર/પુત્રી નામે પલાસ વિક્રમભાઇ લક્ષ્મણભાઈની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૫ (૨)પલાસ ચંપાબેન લક્ષ્મણભાઈની જન્મ તા.૨૦/૦૯/૧૯૯૪ નારોજ મુ.આમલીમેનપુર, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.આમલીમેનપુર, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૧૫ માહ જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો (એન.જે.ગોમતીવાલ) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૮૭/૨૦૨૬, તા.૧૫/૦૬/૨૦૨૬

અરજદાર– શ્રી સંગોડ દીલીપભાઈ સેનાભાઈ, રહે.ખડપા,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,નવાનગર, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી સંગોડ દીલીપભાઈ સેનાભાઈ તેમના પુત્રી નામે સંગોડ તેજલબેન દીલીપભાઈની જન્મ તા.૨૦/૦૫/૨૦૧૩ નારોજ મુ.ખડપા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.નવાનગર, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૧૫ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો (એન.જે.ગોમતીવાલ) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૭૫/૨૦૨૬, તા.૧૭/૦૬/૨૦૨૬

અરજદાર– શ્રી પલાસ શંકરભાઇ ભીમાભાઈ, રહે.આમલીમેનપુર,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,આમલીમેનપુર, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી પલાસ શંકરભાઇ ભીમાભાઈ તેમના પુત્રી નામે પલાસ વીજયાબેન શંકરભાઈની જન્મ તા.૧૦/૦૨/૨૦૧૯ નારોજ મુ.આમલીમેનપુર, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.આમલીમેનપુર, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૧૭ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો (એન.જે.ગોમતીવાલ) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૩૮૩/૨૦૨૫ તા.૧૯/૦૬/૨૦૨૬

અરજદારઃ ભાભોર પપ્પુભાઇ નરૂભાઇ રહે. મોટીખરજ, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર પપ્પુભાઇ નરૂભાઈના પુત્રી/પુત્રના નામે (૧) ભાભોર શિતલબેન પપ્પુભાઇનો જન્મ તા. ૧૦.૦૬.૨૦૧૭ ના રોજ (૨) ભાભોર મયુરભાઇ પપ્પુભાઇનો જન્મ તા.૦૨.૧૧.૨૦૨૦ના રોજ મોટીખરજ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રી/પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,મોટીખરજ, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રી/પુત્રના જન્મ ના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,મોટીખરજ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૯ માંહે :જુન–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–

કોર્ટનો સિક્કો (પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

# દાહોદ જીલ્લામાં દિલ્હી-મુંબઈ કોરિડોર બન્યો આફતનો માર્ગ : પ્રથમ વરસાદેજ ૧૪ ગામોમાં વિનાશ, મીરાખેડીમાં મકાન ધરાશાયી



**ભારે વરસાદ અને વાવાઝોડાથી ઘરો–ખેતરોમાં પાણી ઘુસ્યા, મીરાખેડી ગામે મકાન ધરાશાયી છતાં પરિવારનો આબાદ બચાવ; ખેડૂતોમાં આક્રોશ, હવે ઉગ્ર આંદોલનની ચીમકી.**

દાહોદ,

દાહોદ જીલ્લાના ગોવિંદ ગુરૂ તાલુકાના મીરાખેડી ગામ સહિત કુલ ૧૪ ગામોમાંથી પસાર થતો દિલ્હી–મુંબઈ કોરિડોર હાઈવે વિકાસ કરતાં વધુ આફતનું કારણ બની રહ્યો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સિઝનના પ્રથમ જ વરસાદે આ ગામોના લોકો માટે ફરી એકવાર મુશ્કેલીઓનો પહાડ ઉભો કર્યો છે. સામાન્ય રીતે પ્રથમ વરસાદ ખુશી લાવે છે, પરંતુ અહીંના લોકો માટે આ વરસાદ આંસુઓ અને વેદના લઈને આવ્યો છે.

છેલ્લા ચાર વર્ષથી આ ૧૪ ગામોના લોકો વરસાદી પાણી ભરાવાની સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ કોરિડોરના બાંધકામ દરમિયાન કુદરતી કોતરોમાં માટી પુરાઈ જતા વરસાદી પાણીના કુદરતી વહેણને અવરોધ થયો છે. પરિણામે વરસાદી પાણી ગામો અને ખેતરોમાં ઘુસી જતાં સમગ્ર વિસ્તાર તળાવમાં ફેરવાઈ જાય છે.

આજના વરસાદમાં અનેક ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જેના કારણે ખેડૂતોની ખેતીને ભારે નુકસાન થયું છે. ખેતરો તળાવમાં ફેરવાતા લાચાર ખેડૂતો અશ્રુભીની આંખે પોતાની મહેનત ડૂબતી જોઈ રહ્યા છે.

તે વચ્ચે મીરાખેડી ગામે ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે દિનેશભાઈ ચંદુભાઈ નીસરતાનું મકાન ધરાશાયી થયું હતું. સદનસીબે પરિવારનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ ઘરના સામાનને મોટું નુકસાન પહોંચ્યું છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ઉભો કર્યો છે.

કાચા મકાનોમાં પાણી ભરાઈ જતા અનેક પરિવારોને આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. પશુધનને પણ નુકસાન થયું છે. ગ્રામજનોમાં સૌથી મોટો ડર એ છે કે જો રાત્રિના અંધારામાં અચાનક પાણી ઘરોમાં ઘુસી જાય તો નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો ક્યાં જશે? સ્થાનિક આગેવાનો અને ખેડૂતોનો આક્ષેપ છે કે, અનેક વખત તંત્ર અને અધિકારીઓનું ધ્યાન દોરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. હવે ખેડૂતોનો સ્વર વધુ કડક બન્યો છે. ઉગ્ર આંદોલન એ જ હવે ન્યાયનો રસ્તો છે, તેવી ચીમકી ખેડૂતો દ્વારા આપવામાં આવી છે.આ મામલે તા. ૨૦/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે ઝાલોદ પ્રાંત અધિકારી સમક્ષ રજૂઆત કરવા માટે તમામ અસરગ્રસ્ત ખેડૂત ખાતેદારો, તાલુકા–જીલ્લા પંચાયતના સભ્યો તથા આગેવાનોને પ્રાંત કચેરી ખાતે ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જો તંત્ર યોગ્ય ન્યાય નહીં આપે તો રવિવારે તમામ ખેડૂતોની બેઠક બાદ આગામી ઉગ્ર આંદોલનની રણનીતિ નક્કી કરવામાં આવશે.


હવે સવાલ એ છે કે, વિકાસના નામે ઊભો કરાયેલો કોરિડોર જો ગરીબ આદિવાસી પરિવારો માટે વિનાશનું કારણ બની રહ્યો હોય, તો તેની જવાબદારી કોણ લેશે? સમગ્ર વિસ્તારની નજર હવે તંત્ર પર છે.

# દાહોદ ખનિજ વિભાગની તવાઈ : ૮ ડમ્પર સિઝ, રૂ. ૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત



દાહોદ,

દાહોદ જીલ્લાના ખાણ અને ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનિજ પરિવહન સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિભાગની ટીમ દ્વારા છેલ્લા એક અઠવાડિયા દરમિયાન મોજે ફાંગીયા, દેવગઢ બારિયા–પીપલોદ રોડ તેમજ લીમખેડા–લીમડી રોડ વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.ચેકિંગ દરમિયાન સાદી રેતી ખનિજનું બિનઅધિકૃત રીતે પરિવહન કરતા તેમજ જરૂરી રોયલ્ટી પાસ વિના અને ઓવરલોડ માલસામાન સાથે દોડતા કુલ ૮ ડમ્પરો ઝડપાયા હતા. ખનિજ વિભાગે તમામ ડમ્પરોને સિઝ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં અંદાજે રૂા.૧ કરોડ ૭૦ લાખ જેટલા મૂલ્યનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ગેરકાયદેસર ખનન અને ખનિજ પરિવહન સામે સરકારની ઝીરો ટોલરન્સ નીતિ અંતર્ગત સતત દેખરેખ રાખવામાં આવી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.ખનિજ વિભાગની આ કાર્યવાહીથી ગેરકાયદેસર ખનિજ પરિવહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. વિભાગે સ્પષ્ટ જણાવ્યું છે કે ખનિજોના નિયમોનો ભંગ કરનાર સામે ભવિષ્યમાં પણ કડક દંડકીય કાર્યવાહી ચાલુ રહેશે.




# દાહોદ શહેર જીલ્લામાં વહેલી સવારથી મેઘરાજાની એન્ટ્રી, વરસાદથી લોકોને ગરમીમાંથી રાહત



દાહોદ,

દાહોદ જીલ્લાના દાહોદ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે વહેલી સવારથી વરસાદ પડ્યો હતો. વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી અસહ્ય ગરમી અને ઉકળાટનો સામનો કરી રહેલા લોકોને ગાજવીજ સાથે પડેલા વરસાદે મોટી રાહત આપી હતી.

આજે સવારથી જ આકાશમાં વાદળછાયું વાતાવરણ જોવા મળતું હતું. સવારે અચાનક ઘેરા વાદળો છવાઈ જતાં ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. દાહોદ શહેર સહિત આસપાસના અનેક ગામોમાં વરસાદી ઝાપટાં વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

છેલ્લા કેટલાક દિવસોથી જીલ્લામાં ઊંચા તાપમાનને કારણે લોકો ગરમી અને ઉકળાટથી ત્રસ્ત બન્યા હતા. વરસાદ શરૂ થતાં તાપ માનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો અને જનજીવનને રાહત મળી હતી. વરસાદ બાદ માર્ગો તેમજ ખુલ્લા વિસ્તારોમાં ઠંડકનો અનુભવ થતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

વરસાદના આગમનથી ખેડૂતોમાં પણ આનંદની લાગણી છવાઈ ગઈ હતી. ખેતી માટે અનુકૂળ વાતાવરણ સર્જાતા ખેડૂતોમાં આશાનું નવું કિરણ જાગ્યું છે. વરસાદથી જમીનમાં ભેજનું પ્રમાણ વધતાં આગામી વાવણી અને ખેતી કાર્યોને લાભ મળશે, તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. એક તરફ વરસાદે લોકોને ગરમીમાંથી રાહત આપી છે તો બીજી તરફ ખેડૂતો માટે પણ આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થયો છે.

# દાહોદ જીલ્લામાં સરકારી ગ્રાન્ટનું મોટું કૌભાંડ : આશ્રમશાળાઓ અને છાત્રાલયો માત્ર કાગળ પર ચાલતા હોવાનો ગંભીર આક્ષેપ!

દાહોદ,

દાહોદ જીલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હેઠળ ચાલતી આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલયોમાં કરોડો રૂપિયાનું મોટું ભ્રષ્ટાચાર કૌભાંડ ચાલી રહ્યું હોવાનો સનસનાટીભર્યો પત્ર સામે આવ્યો છે.

સંયુક્ત નિયામક અને જીલ્લા પ્રભારી અધિકારી (દાહોદ) નયનાબેન માળીને સંબોધીને લખાયેલા આ પત્રમાં જીલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. માત્ર કાગળ પર ચાલતી સંસ્થાઓઃ પત્રમાં આક્ષેપ કરાયો છે કે, જીલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સંચાલિત ૨૧ આશ્રમ શાળાઓ અને ૬૨ ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલયોમાંથી મોટાભાગની સંસ્થાઓ બિલકુલ બોગસ છે. ત્યાં ન તો કોઈ વિદ્યાર્થીઓ છે, ન તો પૂરતી મકાન વ્યવસ્થા કલ્પેશભાઈ પટેલનું નેટવર્કઃ આ સમગ્ર કૌભાંડમાં કલ્પેશભાઈ પટેલ નામના વ્યક્તિની સંડોવણી હોવાનો સીધો આક્ષેપ છે. તેમના દ્વારા ૩ આશ્રમશાળા અને ૮ છાત્રાલયો ચલાવવામાં આવી રહ્યા છે, જે તમામ બોગસ હોવાનું જણાવાયું છે.ભૂતિયા વિદ્યાર્થીઓ અને ખોટી ગ્રાન્ટ દેવગઢ બારીઆ તાલુકાના તોયણી ગામે આવેલી આશ્રમશાળા (જે ૨૦૨૨માં પંચમહાલથી લવાઈ હતી) અને સંજેલી તાલુકાના ચમારીયા ગામે ચાલતા છાત્રાલયમાં કોઈ બોર્ડ કે મકાન જ નથી.

# મહિનાની ૨૧ તારીખે જ ખુલે છે સસ્તા અનાજની દુકાનઃ ગરીબ લાભાર્થીઓ હેરાન-પરેશાન

**સસ્તા અનાજની દુકાન પર વિલંબ અને સંચાલકની અનિયમિતતા અંગે સ્થાનિકોમાં રોષ.**



દાહોદ,

ફતેપુરા વિસ્તારમાં આવેલી સસ્તા અનાજની દુકાન પર અનાજ વિતરણમાં થતા વિલંબ અને સંચાલકની બેદરકારીને લઈને સ્થાનિક રહીશોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગરીબ પરિવારોને સમયસર અનાજ ન મળતા તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ દુકાન મહિનાની માત્ર ૨૧ તારીખે જ ખોલવામાં આવે છે, જેના કારણે લાભાર્થીઓને રેશન મેળવવા માટે લાંબી રાહ જોવી પડે છે. જ્યારે આ બાબતે દુકાન સંચાલક ચંપકભાઈનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે, ‘‘જથ્થો ૧૦ તારીખે જ આવી જાય છે, પરંતુ ફિંગર પ્રિન્ટ ઓપરેટર સમયસર ઉપલબ્ધ ન હોવાને કારણે દુકાન ખોલવામાં વિલંબ થાય છે.’’ સંચાલકે વધુમાં જણાવ્યું કે, અગાઉના ઓપરેટરો બદલાઈ ગયા છે અને હાલ નવા માણસને રાખવામાં આવ્યો છે, જે અન્ય ગામોમાં પણ સેવા આપવા જાય છે, તેથી તારીખ ૨૦ પછી જ વિતરણ શરૂ થશે.

મહત્વની વાત એ છે કે, સરકાર દ્વારા ગરીબોને સમયસર અનાજ મળી રહે તે માટે આયોજન કરવામાં આવે છે, પરંતુ અહીં સ્થિતિ કંઈક અલગ જ છે. એક તરફ દુકાન સંચાલક ઓપરેટરની અછતનું બહાનું ધરે છે, તો બીજી તરફ ઓપરેટર પણ પોતાની મરજી મુજબ કામ કરતા હોવાનું જણાય છે. આટલા લાંબા સમય સુધી દુકાન કેમ બંધ રહે છે અને જથ્થો આવ્યા પછી પણ વિતરણમાં આટલો વિલંબ કેમ? તે એક તપાસનો વિષય છે.

તંત્રની રહેમનજર હેઠળ સસ્તા અનાજના આ દુકાનદાર દ્વારા આચરવામાં આવતી આ લાપરવાહી સામે લાગતા–વળગતા ઉચ્ચ અધિકારીઓ કોઈ પગલાં લેશે કે કેમ? તે જોવું રહ્યું. સ્થાનિક રહીશોની માંગ છે કે, ગરીબ પરિવારોને દર મહિને નિયત સમયે અનાજ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે અને જવાબદાર સંચાલક સામે કડક તપાસ કરવામાં આવે.

# લીમડીમાં માછણ નદીમાં નવા નીરની આવક, ખેડૂતોમાં ખુશીની લહેર

**ધોધમાર વરસાદ બાદ મહાદેવ મંદિર પાસે નદીમાં પાણીનો પ્રવાહ શરૂ, ખેતી માટે આશાનું કિરણ.**



દાહોદ,

દાહોદ જીલ્લાના ગોવિંદ ગુરૂ લીમડી તાલુકામાં મોડી રાત્રિ અને વહેલી સવારે પડેલા ધોધમાર વરસાદના કારણે માછણ નદીમાં નવા નીરની આવક થઈ હતી. મહાદેવ મંદિર નજીક વહેતી આ નદીમાં પાણીનો પ્રવાહ શરૂ થતાં સમગ્ર વિસ્તારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

ચોમાસાની શરૂઆતમાં જ સારો વરસાદ નોંધાતા નદીમાં નવા નીર આવતા સ્થાનિક લોકો તેમજ ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ પાણી આશાનું કિરણ બની રહ્યું છે.

માછણ નદીમાં પાણીની આવક થતાં આસપાસના વિસ્તારોમાં ખેતી માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વરસાદી પાણીના કારણે ભૂગર્ભ જળસ્તરમાં વધારો થવાની સાથે ખેતરોને પણ તેનો સીધો લાભ મળશે તેવી સંભાવનાઓ છે.નદીમાં નવા નીર આવતાં સ્થાનિકો પણ નદી કિનારે પહોંચી કુદરતી સૌંદર્યનો આનંદ માણતા જોવા મળ્યા હતા. ચોમાસાની શરૂઆત સાથે જ માછણ નદી ફરી જીવંત બનતા સમગ્ર વિસ્તારમાં ખુશી અને નવચેતનાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# વિશ્વ સિકલસેલ દિવસ નિમિત્તે ઝાલોદ તાલુકામાં વિશેષ આરોગ્ય તપાસ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ઝાલોદ,

વિશ્વ સિકલસેલ દિવસ નિમિત્તે આજે ઝાલોદ તાલુકામાં વિવિધ સ્થળોએ સિકલસેલ રોગ અંગે જાગૃતિ અને તપાસ કાર્યક્રમો યોજાયા. આ કાર્યક્રમ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવત, E.M.O. ડો. નયન જોષી તથા તાલુકા આરોગ્ય અધિકારી ડો. તૃષાર ભાભોરના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો.

આ પ્રસંગે આદર્શ નિવાસી શાળા ઝાલોદ, મોડેલ રેસીડેન્સી સ્કૂલ મીરાખેડી, મુખ્ય પ્રાથમિક શાળા કુણી, મુખ્ય પ્રાથમિક શાળા વગેલા, મુખ્ય પ્રાથમિક શાળા ગુલતોરા તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લીલવા ઠાકોર ખાતે સિકલસેલ દિવસની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમ દરમિયાન સગર્ભા માતાઓ, શાળાના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોની સિકલસેલ તપાસ કરવામાં આવી હતી. કુલ ૧૪૧ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી, જેમાંથી ૯ વ્યક્તિઓ સિકલસેલ પોઝિટિવ નોંધાયા.

સિકલસેલ પોઝિટિવ આવેલા તમામ લાભાર્થીઓના વધુ નિદાન માટે ઈંડક્ર્ઈ રિપોર્ટ માટે બ્લડ સેમ્પલ એકત્રિત કરવામાં આવ્યા.

આ ઉપરાંત સિકલસેલ કાઉન્સેલર દ્વારા લોકોને સિકલસેલ રોગ, તેના લક્ષણો, બચાવ અને સારવાર અંગે માહિતગાર કરવામાં આવ્યા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લીલવા ઠાકોરના તમામ સ્ટાફે આ કાર્યક્રમને સફળ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

# ઝાલોદ વિશ્વકર્મા મહિલા મંડળની અનોખી સેવાયાત્રા : નડિયાદના દીકરાનું ઘર વૃદ્ધાશ્રમમાં આનંદનો ગરબો અને ભોજન સેવા



ઝાલોદ,

ઝાલોદના પ્રખ્યાત વિશ્વકર્મા મહિલા મંડળ દ્વારા માનવતા, સેવાભાવ અને ધાર્મિકતાનું સુંદર ઉદાહરણ પૂરૂં પાડવામાં આવ્યું. મંડળની બહેનો દ્વારા જય માનવ સેવા ટ્રસ્ટ સંચાલિત દીકરાનું ઘર (વૃદ્ધાશ્રમ) ખાતે પહોંચી વૃદ્ધજનો સાથે આનંદ અને ઉમંગભેર આનંદનો ગરબો યોજાયો હતો.ઝાલોદ નગરનો પ્રખ્યાત આનંદનો ગરબો માત્ર એક ધાર્મિક પરંપરા જ નહીં, પરંતુ સેવા, સંસ્કાર અને સમાજ પ્રત્યેની લાગણીનું જીવંત પ્રતિક બની રહ્યો છે. સંગીતમય ગરબામાં વૃદ્ધાશ્રમમાં રહેતા તમામ વડીલો ઉત્સાહભેર જોડાયા હતા અને જીવનની યાદગાર ખુશીની ક્ષણો માણી હતી.આ પ્રસંગે મહિલા મંડળ દ્વારા ભોજન પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બહેનો દ્વારા દરેક વૃદ્ધજનને પોતાના હાથે ભોજન પીરસી નર સેવા એ જ નારાયણ સેવાના પવિત્ર સંદેશને સાકાર કર્યો હતો. આ સેવા કાર્યથી વૃદ્ધજનોના ચહેરા પર પ્રસન્નતા જોવા મળી હતી. વિશેષ ગૌરવની વાત એ છે કે, દાહોદ જીલ્લામાં આજે એક પણ વૃદ્ધાશ્રમ નથી, જે સમાજની સંસ્કારસભર પરંપરા અને પરિવાર પ્રત્યેની જવાબદારીનું પ્રતિબિંબ છે. આવા સેવાભાવી અને ધાર્મિક કાર્યો સમાજમાં કરૂણા, માનવતા અને એકતાનો સંદેશ પ્રસરાવે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.255

# પાવાગઢ યાત્રાધામ ખાતે ભારે વરસાદને લઈ ભેખડો ધસી પડવાની ઘટનામાં બે યાત્રાળુઓના મોત : ૪ યાત્રાળુઓને ઈજાઓ



**ભેખડો ધસી પડવાને લઈ રેવા પથ યાત્રાળુઓ માટે બંધ કરાયો હતો.**

ગોધરા,
સુપ્રસિધ્ધિ યાત્રાધામ પાવાગઢ ખાતે ગત મોડી રાત્રે વરસેલા ભારે વરસાદને લઈને ભેખડો ધસી પડવાની ઘટના બનવા પામી હતી. જેમાં પથ્થરો નીચે દબાઈ જતા બે યાત્રાળુઓના મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ચાર યાત્રાળુઓને ઈજા થવા પામી હતી. ઈજાગ્રસ્ત યાત્રાળુઓને પ્રાથમિક સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને તે પૈકી બે યાત્રાળુઓને વધુ સારવાર ની જરૂર પડતા વડોદરા એસએસજી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. ઘટનાને લઈને જીલ્લા કલેકટર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને હાલોલ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ટીમ બનાવી તપાસ હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે ગત મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસવાને લઈને ભેખડો ધસી પડવાની ઘટના બનવા માંગી હતી. ખેડા જીલ્લાના કઠલાલ તેમજ તેની આસપાસના વિસ્તાર માંથી પાવાગઢ દર્શન કરવા માટે આવેલા સાત સભ્યો પગપાળા ચાલી અને પાવાગઢની જ મંદિર ખાતે દર્શન કરવા જઈ રહ્યા હતા, તે દરમિયાન પાટિયા પુલ પાસે પહોંચતા ધોધમાર વરસાદની શરૂઆત થઈ હતી અને ધોધમાર વરસાદથી બચવા માટે તેઓ એક તરફ ઊભા હતા. તે દરમિયાન અચાનક જ ભેખડ ધસી આવતા મોટા પથ્થરો નીચે દબાઈ જતા ઘટના સ્થળે જ બે લોકોના મોત નીપજા હતા ત્યારે અન્ય ચાર લોકોને ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ સ્થાનિકોને થઈ હતી. ઘટનાની જાણ સ્થાનિકો દ્વારા જીલ્લા વહીવટી તંત્રને કરવામાં આવી હતી અને હાલોલ ફાયર બ્રિગેડનો સ્ટાફ, સ્થાનિકો તેમજ પાવાગઢ ખાતે રોપ વે કંપનીના કર્મચારીઓ દ્વારા દબાયેલા વ્યક્તિઓને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને જીલ્લા કલેકટર દ્વારા હાલોલ પ્રાંત અધિકારીની અધ્યક્ષનામાં મહેસુલ વિભાગ, વન વિભાગ, માર્ગ અને મકાન વિભાગની સંયુક્ત ટીમ બનાવી તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પાવાગઢ ખાતે રેવા પથ મારફતે પગપાળા જવાના માર્ગ પર ટીમ દ્વારા આ પ્રકારની અન્ય કોઈ ઘટના ન બને તે માટે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે અને ટીમ તપાસ કરે ત્યાં સુધી પ્રથમ બે કલાક માટે અને જરૂર પડે તો વધારે સમય માટે રેવાપથ યાત્રાળુઓ માટે હાલ બંધ કરવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાને લઈને હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોના ખબર અંતર પૂછ્યા હતા તેમ જ હોસ્પિટલ તંત્ર અને વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપી હતી.

અમદાવાદ અને સુરતના યાત્રાળુઓ બન્યા ભોગ પ્રાથમિક વિગતો અનુસાર, આ દુર્ઘટના ભોગ બનેલા તમામ મુસાફરો અમદાવાદ અને સુરત જીલ્લાના વતની હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, કુલ ૪ ઈજાગ્રસ્તોમાંથી ૨ લોકોને સામાન્ય ઈજાઓ હોવાથી પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બાકીના ૨ શ્રદ્ધાળુઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.


**બોક્સઃ મૃતકોના નામઃ**

– પ્રણવસિંહ છત્રસિંહ પરમાર – ઉંમર ૫૨, રહે. લલુપુરા, તા. કઠલાલ, ખેડા,
– ગુણવંતસિંહ ભવાનસિંહ પરમાર – ઉંમર ૪૦, રહે. લલુપુરા, તા. કઠલાલ, ખેડા.

**બોક્સઃ ઈજાગ્રસ્તોના નામઃ**

– પૃથ્વીરાજ ભુપેન્દ્રસિંહ ડાભી – ઉંમર ૨૮, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ,
– મગનભાઈ રમણભાઈ ડાભી – ઉંમર ૪૮, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ,
–જય અશોકભાઈ કુંભાડિયા – ઉંમર ૧૬, રહે. કતારગામ, સુરત,
– જયેશભાઈ ધનજીભાઈ – ઉંમર ૩૧, રહે. કતારગામ, સુરત.

# ગોધરા રેલવે સ્ટેશન પરથી રૂ.૧૮.૬૧ લાખના વિદેશી ચલણ સાથે બેની અટકાયત : પોલીસની સઘન તપાસ શરૂ



ગોધરા,
ગોધરા બી–ડિવિઝન પોલીસે મોટી સફળતા પ્રાપ્ત કરતા ગોધરા રેલવે સ્ટેશન પરથી શંકાસ્પદ હાલતમાં વિદેશી ચલણ સાથે એક પુરુષ અને એક મહિલાની અટકાયત કરી છે. બંને વ્યક્તિઓ પાસેથી કુલ ૧૯,૮૦૦ અમેરિકન ડોલર (યુએસ ડોલર) મળી આવ્યા હતા, જેની ભારતીય ચલણ મુજબ અંદાજીત કિંમત રૂ.૧૮,૬૧,૨૦૦ જેટલી થાય છે.

મળતી માહિતી મુજબ ગોધરા બી–ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે, પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેન મારફતે વડોદરાથી ગોધરા આવી રહેલા એક પુરુષ અને મહિલા પાસે મોટી માત્રામાં વિદેશી ચલણ છે અને તેની માલિકી સંબંધિત કોઈ શંકાસ્પદ બાબત હોઈ શકે છે. બાતમીના આધારે પોલીસ ટીમે ગોધરા રેલવે સ્ટેશન ખાતે વોચ ગોઠવી હતી.ટ્રેન ગોધરા રેલવે સ્ટેશન પર પહોંચતા પોલીસે બાતમીવાળા બંને વ્યકિતઓને ઓળખી તેમની પૂછપરછ હાથ ધરી હતી. ત્યારબાદ કાયદેસરની કાર્યવાહી અંતર્ગત તેમની સામાન સહિતની તપાસ કરવામાં આવતા તેમની પાસેથી કુલ ૧૯,૮૦૦ યુએસ ડોલર મળી આવ્યા હતા. પોલીસ દ્વારા ચલણ અંગે જરૂરી દસ્તાવેજો, પરવાનગીઓ અને તેની કાયદેસર માલિકી સંબંધિત આધાર પુરાવા માંગવામાં આવ્યા હતા, પરંતુ બંને વ્યક્તિઓ કોઈ સંતોષકારક પુરાવા રજૂ કરી શક્યા ન હતા.

આથી પોલીસે વિદેશી ચલણ કબજે કરી બંને વ્યક્તિઓની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આટલી મોટી રકમનું વિદેશી ચલણ ક્યાંથી લાવવામાં આવ્યું હતું, તેનો મૂળ સ્ત્રોત શું છે, કોને પહોંચાડવાનું હતું તેમજ તેનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવવાનો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ પોલીસે બંને વ્યક્તિઓના પાસપોર્ટ સહિતના દસ્તાવેજો કબજે લઈ તેમની મુસાફરીનો ઈતિહાસ, વિદેશ પ્રવાસની વિગતો અને વિદેશી ચલણ સાથેના સંભવિત સંબંધોની પણ ચકાસણી શરૂ કરી છે. જરૂર પડ્યે આ મામલે અન્ય કેન્દ્રીય એજન્સીઓનો પણ સંપર્ક કરવામાં આવી શકે છે.

ગોધરા રેલવે સ્ટેશન જેવા જાહેર સ્થળેથી મોટી માત્રામાં વિદેશી ચલણ મળવાની ઘટનાએ શહેરમાં ચકચાર મચાવી છે. હાલ સમગ્ર મામલે ગોધરા બી–ડિવિઝન પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને તપાસ પૂર્ણ થયા બાદ વધુ મહત્વના ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# વેજલપુર ગ્રામ પંચાયત સભ્ય નિશાંત શાહ પર હુમલો વિવેકાનંદ સોસાયટીના ઈસમ સામે નોંધાઈ સામી ફરિયાદ

કાલોલ,
કાલોલ તાલુકાના વેજલપુર ગામે સુરેલી સર્કલ પાસે જૂની અદાવત અને અરજીની અદાવત રાખી ગ્રામ પંચાયતના સભ્ય પર હુમલો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ, વેજલપુર ખાતે રહેતા અને વેજલપુર ગ્રામ પંચાયતના સભ્ય નિશાંતકુમાર સંજયકુમાર શાહ (ઉં.વ. ૩૭) ગત તારીખ ૧૧/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રિના આશરે આઠેક વાગ્યાના અરસામાં વેજલપુર સુરેલી સર્કલ પાસે ઉભા હતા. તે દરમિયાન વેજલપુરની વિવેકાનંદ સોસાયટીમાં રહેતો ગૌતમભાઈ હરીકિશન સેવાની મોટરસાયકલ લઈને ત્યાં આવ્યો હતો. ગૌતમે નિશાંતકુમારને જોઈને ઉશ્કેરાઈ જઈ ''તુ ગામમાં દાદા થઈ ગયેલ છે'' તેમ કહી મા–બેન સમી ભૂંડી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. વધુમાં, તેણે અગાઉ તેની વિરૂદ્ધ કરવામાં આવેલી અરજી બાબતે સમાધાન કરી લેવા દબાણ કર્યું હતું. જોકે, નિશાંતકુમારે સમાધાન કરવાની ના પાડતા ગૌતમ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને નિશાંતકુમારના શર્ટનો કોલર પકડી ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો.વચ્ચે પડેલા મિત્રએ છોડાવ્યા, જાનથી મારવાની ધમકી આપી આ ઝઘડો જોઈ સાથે ઉભેલા હારૂનભાઈ નામના વ્યક્તિએ વચ્ચે પડીને નિશાંતકુમારને વધુ માર ખાવામાંથી છોડાવ્યા હતા. માર માર્યા બાદ આરોપી ગૌતમ સેવાનીએ ''આજે તો તને જવા દઉં છું, પરંતુ ફરીવાર જો એકલો મળીશ તો તને જાનથી મારી નાખીશ'' તેવી ધમકી આપી હતી અને ગાળો બોલતો–બોલતો મોટરસાયકલ પર ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

બનાવ બાદ બંને પક્ષો વચ્ચે અંદરોઅંદર સમાધાનની વાતચીતો ચાલતી હોવાથી તાત્કાલિક ફરિયાદ નોંધાવી ન હતી. પરંતુ લાંબી ચર્ચા બાદ પણ કોઈ સમાધાન ન આવતા આખરે નિશાંતકુમાર શાહે ગઈકાલ તારીખ ૧૮/૦૬/૨૦૨૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. જોકે, ગૌતમ સેવાની દ્વારા વોટ્સએપ ગ્રુપમાં ખરાબ શબ્દો કહેવા બદલ નિશાંત શાહ સામે ચાર દિવસ પહેલા જ ફરિયાદ નોંધાવી છે, જે બાદ ગ્રામ પંચાયત સભ્યે સામી ફરિયાદ નોંધાવી છે. વેજલપુર પોલીસ મથકના પોલીસ દ્વારા નિશાંતકુમાર શાહની ફરિયાદના આધારે આરોપી ગૌતમભાઈ હરીકિશન સેવાની વિરૂદ્ધ ગુનો નોંધી ગુનાની આગળની તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર મામલે હવે સામી ફરિયાદો નોંધાતા પોલીસે કાયદાકીય ગાળિયો મજબૂત કર્યો છે.

# ગોધરા તાલુકાના દહીકોટ ગામે પાનમ નદીના પાણીમાં પડેલ ૨૫ વર્ષીય અજાણ્યા યુવકનું ડુબી જતાં મોત



ગોધરા,
ગોધરા તાલુકાના દહીકોટ ગામે પાનમ નદીના પાણીમાં કોઈ અજાણ્યો ૨૫ વર્ષીય યુવક અગમ્યકાણોસર ડુબી જઈ મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા તાલુકાના દહીકોટ ગામે પાનમ નદીના પાણીમાં તા.૧૮ જુનના રોજ કોઈ અજાણ્યા ૨૫ વર્ષીય યુવક કોઈ અગમ્યકારણોસર નદીના પાણીમાં પડેલ હોય અને પાણીમાં ડુબી જતાં મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મોરવા(હ)ના હારેડાના ૧૮ વર્ષીય યુવકને ચકકર આવતા પડી જતાં હોસ્પિટલમાં ખસેડતા મૃત જાહેર કર્યા

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના રામપુર ગામે હારેડા ડેઝર ફળીયામાં રહેતા ૧૮ વર્ષીય યુવકને ચક્કર આવતા પડી ગયેલ હોય જેને સારવાર મોરવા(હ) સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં લવાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

મોરવા(હ)ના હારેડા ડેઝર ફળીયામાં રહેતા ભલાભાઈ ધુળાભાઈ નાયક ઉ.વ.૧૮ રામપુર ગામે ચકકર આવતા પડી ગયેલહોય જેને સારવાર માટે મોરવા(હ) સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબ દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવાપામી છે.

# ગોધરા-વડોદરા રોડ સિધ્ધી હોટલ નજીક બાઈક ચાલક યુવક ટ્રક પાછળ અથડાઈ જતાં ગંભીર ઈજાઓ થતાં મોત

ગોધરા,
ગોધરા–વડોદરા રોડ પર સિધ્ધી હોટલની નજીક બાઈક નંબર જીજે.૧૭.સીએમ.૭૩૩૪ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી ટ્રકની પાછળના ભાગે અથડાવી પોતાના શરીર અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા–વડોદરા રોડ પર સિધ્ધી હોટલ નજીક ફરિયાદ કાંતીભાઈ નારસિંગભાઈ રાઠવાના પુત્ર ધર્મેશભાઈ ઉ.વ.૨૧ પોતાની મોટર સાયકલ નંબર જીજે.૧૭.સીએમ.૭૩૩૪ને પુરઝડપે હંકારી લાવ્યો હતો અને આગળ ચાલતી ટ્રક નંબર એમપી.૦૯.જીએચ.૪૪૧૩ સાથે પાછળથી અથડાવી બાઈક ચાલક ધર્મેશ રાઠવા એ પોતાના શરીરે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ધોધમાર સાર્વત્રિક વરસાદથી ગરમીમાં રાહત લોકોમાં ખુશી

**ધોધમાર વરસાદ સાથે લાઈટો ગુલ થઈ : પ્રિમોન્સુનની પોલ ખુલી.**





- ગોધરા શહેરના નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા.
- શહેરા ભાગોળ રેલ્વે અંડર પાસ પાણીમાં ગરકાવ.
- મેશરી નદીમાં નવા પાણીની આવક થઈ.

**પંચમહાલ જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલ વરસાદી આંકડા...**

શહેરા – ૯૨ મી.મી.
મોરવા(હ) – ૯૯ મી.મી.
ગોધરા – ૧૪૮ મી.મી.
કાલોલ – ૯૧ મી.મી.
ઘોઘંબા – ૯૮ મી.મી.
હાલોલ – ૧૩૧ મી.મી.
જાંબુઘોડા – ૯૭ મી.મી.

ગોધરા,
પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં મોડી રાત્રીના સમયે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. ભારે વરસાદને લઈ શહેરાના નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. ભારે વરસાદને લઈ બાળકો શાળાએ જવાનું ટાળ્યું હતું.

ગોધરા શહેરમાં પડેલ વરસાદને લઈ શહેરની મધ્ય માંથી પસાર થતી મેશરી નદીમાં પાણીની ભારે આવક થતાં મેશરી નદી બે કાંઠે વહેતી થઈ હતી. નદીમાં પાણીની આવક થતાં ગોન્દ્રા વિસ્તારમાં આવેલ કોઝ–વે પાણીમાં ગરકાવ થઈ હતો. જેને લઈ વાહન વ્યવહારને અસર થઈ હતી. નદીમાં પાણીની આવક થતાં મોટી સંખ્યામાં લોકો પાણી જોવા ઉમટી પડ્યા હતા. ગોધરામાં ભારે વરસાદને લઈ ગોધરાના શહેરા ભાગોળ નવનિર્મીત અંડરપાસ ભારે વરસાદ સાથે પાણીમાં સંર્પૂણપણે પાણીમાં ગરકાવ થયો હતો. ગોધરા શહેરના રેલ્વે સ્ટેશન, ગાયત્રીનગર, ૩૬ કવાર્ટર, ભુરાવાવ, સિગ્નલ ફળીયા વિસ્તારના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાની સમસ્યા જોવા મળી હતી. ગોધરા નગર પાલિકા દ્વારા ચોમાસાની સીઝન પહેલા વરસાદી કાંસો અને પાણીના નિકાલના સ્ત્રોત માટે પ્રિમોન્સુન કામગીરી હાથ ધરાઈ હતી. જેની ગતરાત્રીએ પડેલ ધોધમાર વરસાદમાં પોલ ખુલ્લી પડી હતી. ગોધરા સહિત પંચમહાલ જીલ્લામાં પડેલ સાર્વત્રિક વરસાદને લઈ લોકોએ અસહ્ય ગરમી માંથી રાહત અનુભવી હતી.

# પંચમહાલમાં ખાબકેલા ધોધમાર વરસાદથી કાંકણપુર-રામપુરા બ્રિજનું ડાયવર્ઝન અને નિર્માણ સામગ્રી તણાતા વાહનવ્યવહાર સંપૂર્ણ ઠપ્પ



કાંકણપુર,
હવામાન વિભાગ દ્વારા અપાયેલી યેલો એલર્ટની આગાહી વચ્ચે પંચમહાલ જીલ્લામાં મધ્યરાત્રિથી ખાબકેલા ધોધમાર વરસાદે મોટી અસર સર્જી છે. ગોધરા તાલુકાના કાંકણપુર અને રામપુરાને જોડતા માર્ગ પર ચાલી રહેલા બ્રિજના નિર્માણ કાર્યને આ વરસાદથી ભારે નુકસાન પહોંચ્યું છે. નદીના ધસમસતા પ્રવાહમાં બ્રિજનો સામાન અને ડાયવર્ઝન ધોવાઈ જતાં લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પંચમહાલ જીલ્લામાં અને ગોધરા તાલુકામાં મધ્યરાત્રિએ અવિરત અને ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે આસપાસના ગામો અને ખેતરોના પાણી કાંકણપુર ગામેથી પસાર થતી મહીઓ નદીમાં ઉમટી પડ્યા હતા. આસપાસનું પાણી ભળતા નદીના જળસ્તર અને વહેણમાં અચાનક જ મોટો વધારો થયો હતો અને પાણી ધસમસતા પ્રવાહ સાથે આગળ વધવા લાગ્યા હતા.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા કાંકણપુરથી રામપુરાને જોડતા મુખ્ય બ્રિજનું નિર્માણ કાર્ય છેલ્લા લાંબા સમયથી ચાલી રહ્યું હતું. મધ્યરાત્રિના સમયે આવેલા પાણીના આક્રમક પ્રવાહમાં બ્રિજ નીચે ટેકા માટે મુકવામાં આવેલી લોખંડની એંગલો તણાઈ ગઈ હતી. આ ઉપરાંત, બ્રિજના નિર્માણ માટે સાઈટ પર નીચે રાખવામાં આવેલી અન્ય બાંધકામ સામગ્રી પણ પાણીમાં વહી જતાં કોન્ટ્રાક્ટર નુકસાન પોહચ્યું છે.

બ્રિજની કામગીરી ચાલુ હોવાથી વાહનચાલકો અને ગ્રામજનોની અવરજવર માટે કામચલાઉ ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. પરંતુ, પાણીના ભારે વહેણને કારણે આ ડાયવર્ઝન પર આવેલું નાળું અને રોડનો મોટો હિસ્સો ધોવાઈ જવાના પગલે રામપુરા–કાંકણપુર માર્ગ પરનો વાહનવ્યવહાર સદંતર બંધ થઈ ગયો છે જેનાથી બંને ગામનો સંપર્ક તૂટ્યો છે અને સ્થાનિક લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

આ જ વિસ્તારની આસપાસ અન્ય ગામોમાં પણ આવી જ પરિસ્થિતિ સર્જાઈ છે. કાંકણપુરની નજીકમાં આવેલા ટીંબાની મુવાડી ગામ પાસે પણ હાલમાં બીજા એક બ્રિજની કામગીરી ચાલી રહી છે. ભારે વરસાદના કારણે આ નિર્માણ સાઈટ પર પણ મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયું હતું. પાણીના ભરાવાના કારણે આસપાસના તમામ રસ્તાઓ બ્લોક થઈ ગયા છે અને વાહનવ્યવહારને માઠી અસર પહોંચી છે.એકંદરે, વરસાદના કારણે ગોધરા તાલુકાના આ ગ્રામ્ય વિસ્તારોમાં માળખાગત સુવિધાઓને નુકસાન પહોંચ્યું છે અને લોકોનો રોડ–સંપર્ક ખોરવાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું છે.

# ગોધરાના પીપળીયા ગામમાં ભારે વરસાદના કારણે વૃદ્ધ મહિલાનું ઘર ધરાશાયી



ગોધરા,
પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના કાંકણપુર નજીક આવેલા પીપળીયા ગામની ઈન્દિરા નગરીમાં મધ્યરાત્રીએ ખાબકેલા ધોધમાર વરસાદને પગલે એક વૃદ્ધ મહિલાનું ઘર અચાનક ધરાશાયી થયું છે. આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી, પરંતુ વૃદ્ધ મહિલા ઘરવિહોણા બની જતાં આશ્રય છીનવાઈ ગયો છે. આ ઘટના બાદ સ્થાનિક લોકો દ્વારા નિરાધાર બનેલા વૃદ્ધાને વહીવટી તંત્ર દ્વારા સત્વરે આર્થિક અને રહેઠાણની સહાય પૂરી પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, પીપળીયા ગામની ઈન્દિરા નગરીમાં રહેતા દરિયાબેન ઉદાભાઈ પરમાર નામના વૃદ્ધ મહિલા ઈંટોથી બનાવેલા એક ઝૂંપડામાં એકલા રહેતા હતા. મધ્યરાત્રીએ વીજળીના ભારે કડાકા–ભડાકા સાથે અચાનક તૂટી પડેલા ધોધમાર વરસાદના કારણે તેઓ રાત્રે એકલા ઘરમાં ફસાયા હતા. વરસાદનું જોર એટલું હતું કે, તેમનું કાચું ઘર અચાનક ધરાશાયી થઈ ગયું હતું. આ બનાવમાં તેઓનો આબાદ બચાવ થયો છે પરંતુ માથા પરથી છત છીનવાઈ જતા આખી રાત ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા મદય ગુજરાતના વડોદરા, ખેડા, આણંદ, પંચમહાલ અને દાહોદ જીલ્લામાં વરસાદને લઈને યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આ આગાહીના પગલે જ પંચમહાલ જીલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો અને રાત્રિના સમયે ભારે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. આ કુદરતી આફતનો ભોગ બનેલા દરિયાબેનની અત્યંત દયનીય સ્થિતિ જોતા સ્થાનિકો સરકારી મદદની અપીલ કરી રહ્યા છે.

---

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૯૪/૨૦૨૬, તા.૧૫/૦૬/૨૦૨૬
અરજદાર– શ્રી બામણીયા નન્દુભાઈ તેરસીંગભાઈ, રહે.પાવ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદધ
સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,પાવ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી બામણીયા નન્દુભાઈ તેરસીંગભાઈ તેમના પુત્ર/પુત્રી નામે બામણીયા પીનલબેન નન્દુભાઈની જન્મ તા.૧૩/૦૪/૨૦૧૩(૨)બામણીયા જયપાલ નન્દુભાઈ જન્મ તા.૦૫/૦૨/૨૦૧૫(૩)બામણીયા જયદીપભાઈ નન્દુભાઈ જન્મ તા.૦૪/૦૬/૨૦૧૭ નારોજ મુ.પાવ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર/પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.પાવ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર/પુત્રીનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૧૫ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

---

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૯૯/૨૦૨૬, તા.૦૬/૦૬/૨૦૨૬
અરજદાર– શ્રી બામણીયા દેસીંગભાઈ ફકરુભાઈ, રહે.રૈચાવણ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદધ
સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,રૈચાવણ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી બામણીયા દેસીંગભાઈ ફકરુભાઈ તેમના પુત્ર/પુત્રી નામે (૧)બામણીયા પ્રિયાબેન દેસીંગભાઈની જન્મ તા.૧૪/૦૧/૨૦૧૭(૨)બામણીયા વનરાજભાઈ દેસીંગભાઈની જન્મ તા.૨૦/૦૮/૨૦૧૮(૩)બામણીયા જીગ્નેશકુમાર દેસીંગભાઈ ની જન્મ તા.૨૭/૧૨/૨૦૨૧ નારોજ મુ.રૈચાવણ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર/પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.રૈચાવણ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર/પુત્રીનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૦૬ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

---

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૬૫૯/૨૦૨૬ તા.૧૯/૦૬/૨૦૨૬
અરજદારઃ ભુરીયા રાકેશભાઈ બાબુભાઈ રહે. ખરોડ, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ખરોડ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભુરીયા રાકેશભાઈ બાબુભાઈના પુત્રીના નામે ભુરીયા આરવંશી રાકેશભાઈનો જન્મ તા.૧૦/૦૯/૨૦૧૯ ના રોજ ખરોડ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ખરોડ , તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ખરોડ , તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૯ માંહે : જુન–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ